તેમણે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે, ૧૮ મું જ્ઞાનસત્ર એ ગીતાનાં ૧૮ અધ્યાયો સમાન છે. શિક્ષણનાં ત્રણ પરિણામોની વાત કરતાં કહ્યું કે, કેળવણી એ શિક્ષકનું હૃદય છે. બુનિયાદી કેળવણીમાં રહેલ 3Hની તેમણે વાત કરી. AI વિશે વાત કરતાં કહ્યું કે, આપણે AI પર એટલાં બધાં નિર્ભર થઇ ગયાં છે કે, કુદરતી બુદ્ધિને ભૂલી ગયાં છે. AI સારો નોકર છે પણ ખરાબ માલિક છે. આપણી સર્જનાત્મકતા હણાય છે. જેનાથી બચવાની જરૂર છે.

**મા.શ્રી ડૉ. મિલનભાઇ શાહનો વાર્તાલાપ (નિવૃત્ત પ્રિન્સિપાલ, અનડા બી.એડ્. કોલેજ, બોરસદ)** તેમણે ભગવદ્ગીતાનાં કેટલાંક મૂલ્યોની વાત કરી. કોઇ પણ કાર્યમાં સફળ જવા શ્રદ્ધા જરૂરી છે. સૂર્ય ચંદ્રની ગતિ અને તેની મનુષ્યનાં મન પર થતી અસર વિશે જણાવ્યું કે, તેમણે જીવન કૌશલ્ય, તેના વિવિધ સોપાનો, તેનું મહત્વ વગેરેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, ક્રિયાત્મક સંશોધનનો આ પ્રયાસ અન્ય શાળાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

**શ્રી. હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ)** તેમણે જણાવ્યું કે, આપણી સાથે બાળકો જોડાય છે. બાળકો વિશેષ હોય છે. તેનામાં રહેલી વિશેષતાને જુઓ, તારવો, તેનામાં રહેલી નવીનતાને ઓળખો. આપણી શાળાનાં બાળકો ખૂબ સારું કેરિયર બનાવી રહ્યાં છે. જે પ્રશંસાને પાત્ર છે. આપણે "જિંદગી જીવવાની જરૂર છે. જિંદગી જીતવાની નહિં."

કાર્યક્રમનાં ઉદ્ઘાટન સમારોહન બાદ શિક્ષકોએ જે તે વિભાગ પ્રમાણે પાચ ગૃપમાં વહેંચવામાં આવ્યાં હતાં.

**ગૃપ-૧ : ડૉ. મિલનભાઇ શાહ (કન્વી : બિનીતાબેન એમ.ગોહિલ ), ગૃપ-૨ - ડૉ. આઇ. કે. અન્સારી (કન્વી : વિદ્યાબેન રાણા), ગૃપ-૩ : ડૉ. જયંતભાઇ શાહ (કન્વી : જિજ્ઞેશભાઇ જોષી), ગૃપ-૪ ડૉ. પીનાકીન યાજ્ઞિક (કન્વી : શીલાબેન, કવિતાબેન), ગૃપ-૫ : ડૉ. ધીરજભાઇ પરમાર (કન્વી : નયનાબેન પટેલ, કંચનબેન પરમાર)** જે તે ગૃપમાં શિક્ષકોએ વિવિધ પધ્ધતિ PPT દ્વારા પોતાના વિષયનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. સાંજનાં સેશનમાં નિર્ણાયકશ્રીઓએ પોતે નિહાળેલ શિક્ષકોનાં પ્રેઝન્ટેશન વિશે અભિપ્રાયો રજૂ કરી શિક્ષકોની કાર્યદક્ષતાને બિરદાવી હતી.

**તા. ૧૨/૧૦/૨૫ - રવિવાર**

જ્ઞાનસત્રનાં બીજા દિવસનાં કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **માન.શ્રી ડૉ.મહેશભાઇ પટેલ** (OSD, KCG **અને પ્રોફેસર, આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ)** વિશેષરૂપે ઉપસ્થિત રહ્યાં હતાં. તથા **શ્રી મિલનભાઇ શાહ તથા શ્રી જગદીશભાઇ પરમાર તથા તેમના ધર્મપત્નિ જશોદાબેન પરમાર** પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

**માન.શ્રી ડૉ.મહેશભાઇ પટેલ સાહેબે** કેટલાંક શિક્ષકો તેના ક્રિયાત્મક સંશોધનનાં પ્રેઝન્ટેશનને નિહાળ્યાં બાદ તેમના વિષય પ્રત્યે પોતાનો અભિપ્રાય આપતાં શિક્ષકોનાં કાર્યને બિરદાવ્યું હતું. તેમણે ભારત દેશનો વારસો કેવો હતો ? આજે કયા છે ? અને આવતી કાલ કેવી હશે ? તે વિષય પર સુંદર વકતવ્ય આપ્યું હતું. સંસ્કૃત શ્લોકો દ્વારા વેદ-ઉપનિષદની વાત કરી. પ્રાચીન મહાન વ્યકિતઓને યાદ, તેમના જીવનપ્રસંગોને રજૂ કર્યા હતાં. તેમણે કહ્યું કે, શીખવાની કોઇ ઉંમર હોતી નથી.

**"વેદો થી લઇ વેબ સુધી, ઉપનિષદથી લઇ ઉપગ્રહ સુધી અમે ભણીશું છેક સુધી."**

તેમણે જણાવ્યું કે, શિક્ષકમાં ચાર પ્રકારની ભૂખ, વખત ભૂખ, દેખત ભૂખ, આગ્રહ ભૂખ, લાગત ભૂખ શિક્ષકમાં હોવી જોઇએ. મતિ, ગતિ, પ્રગતિ, ઉન્નતિ કરતો શિક્ષક સર્વોપરી બને છે. માતૃશકિતનાં યોગદાનની પણ વાત કરી. સોયથી લઇ સેટેલાઇટ સુધી સ્ટાર્ટ અપ કરી શકાય છે. ઉદ્યોગની શરૂઆત માટે ભારત સરકાર સબસીડી આપે છે. વિવિધ યોજનાઓની વાત પણ કરી. આપણું કર્મ શ્રેષ્ઠ હોવું જોઇએ.





**"દીયે કી તરહ જલના હી પહચાન હૈં ઇન્સાન કી,**

**જો ખુદ કો જલાયે વહી રોશની ફેલાતાં હૈ."**

તેમના વકતવ્ય એ સૌ કોઇમાં એક ઉત્સાહ, નવી ચેતનાનો સંચાર કર્યો હતો.

સમાપન કાર્યક્રમનાં અંતે શિક્ષકોએ પ્રતિભાવ રજૂ કર્યા હતાં. અંતે દીવડાઓ સાથે શાંતિ પ્રાર્થના કરી દિવાળીની અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.